# રામકથા મેદાન ખાતે આજે પ્રજાસત્તાક દિન પર્વ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી સે. ૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે થશે. રાજ્યના મહેસુલ મંત્રી અને પ્રભારી મંત્રી કૌશિક પટેલના હસ્તે ધ્વજવંદન સમારોહ યોજાશે.

આ સમારોહ પછી મંત્રી દ્વારા ખાસ પરેડની સલામી ઝીલશે. જેમાં પોલીસ, એસ.આર.પી., અશ્વદળ, હોમગાર્ડ, એન.સી.સી. કેડેટ્સ અને વિવિધ વિભાગોના ટેબ્લો જોડાશે. સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ પણ યોજાશે.

ધ્વજવંદન સમારોહ પ્રસંગે જિલ્લાતંત્ર દ્વારા કોરોના વોરિયર્સ, એન.જી.ઓ. તેમજ વિવિધ ક્ષેત્રે પ્રતિભાવંત દેખાવ કરનાર કર્મયોગીઓનું પણ સન્માન કરવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટરે પણ આજે આ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. સ્વાતંત્ર્ય સેનાનીઓનું પણ સન્માન કરવામાં આવનાર છે.

# ૩૦મી સુધી ઠંડીનું જોર વધશે ઠંડા પવનો પણ ફુંકાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૩૦મી જાન્યુઆરી સુધી ઠંડા પવનો અને ઠંડી સૌને ધ્રુજાવશે. દાંતીવાડા કૃષિ યુનિ. દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે તા. ૨૬ થી ૩૦ જાન્યુઆરી દરમ્યાન પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૪ કિ.મી. પ્રતિ કલાક રહેશે. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ આકાશ ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સે. રહેશે જ્યારે લઘુત્તમ તાપમાન ૯ થી ૧૨ ડિગ્રી સે. રહેશે. હવામાં ભેજનું પ્રમાણ ૯ થી ૩૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાન ઘટવાની સંભાવના હોવાથી ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે ઠંડીની અસરને ઘટાડવા માટે ઠંડા હવામાનની સ્થિતિમાં સાંજના કલાકો દરમ્યાન પાકને પિયત આપવુ. શિયાળુ પાકોને નિંદામણમુક્ત રાખવા સમયાંતરે હાથ નિંદામણની કામગીરી કરવી.















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com